**<u>કલે.પરચુ. અરજી નં. ૫૯/૨૬ ના કામે  અરજદારની આંક–૧ ની પેમેન્ટ અરજી હેઠળ હુકમ :–</u>**

(૧) અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી. અરજી અન્વયે સામાવાળા વિમા કંપનીને નોટીસ કરવામાં આવેલ છે. હાલની અરજી અરજદારના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૭૯૩/૨૦૦૦ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૨૦–૧૧–૨૦૧૪ ના રોજ જજમેન્ટ, એવોર્ડ આપતા તે સામે સામાવાળા વિમા કંપનીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં.  ૪૭૪/૧૫ થી કરેલી  જે  નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સદરહુ અપીલ ફેસલ થયેલ છે અને હુકમ મુજબ જમા રકમ અરજદારને ચુકવી આપવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આમ, નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢના હુકમ મુજબ વળતરની રકમ  રૂા. ૯૨,૯૧૧/– એફ.ડી.રીલીઝ થતા જમા થયેલ છે જે સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા કરાવેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. તે તમામ હકીકત ધ્યાને લેતા સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા થયેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણ લેતા  જણાય આવે છે.  આમ, અરજીની હકીકતો તથા અરજી સાથે રજુ થયેલ અકસ્માત વળતર કલેઈમ કેસ નં. ૭૯૩/૨૦૦૦ ની સામે કરેલ હાઈકોર્ટની ફર્સ્ટ અપીલ નં. ૪૭૪/૧૫ માં થયેલ હુકમ ધ્યાને લઈ તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુ ક મ :</u>**

| | |
|---|---|
| ––– | કોર્ટ ફી સ્ટેમ્પ |
| રૂા.૯૨,૯૧૧/– | અરજદાર  કિરીટભાઈ ચનાભાઈ જાદવ ને રૂા. ૯૨,૯૧૧/– આર. ટી. જી. એસ. થી જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| | \| એકાઉન્ટ નં. \| 6354497936 \|<br>\| બેન્ક નામ \| ઈન્ડીયન બેંક. \|<br>\| આઈ.એફ.એસ.સી. કોડ નં. \| IDIB000J013 \| |
| રૂા. ૯૨,૯૧૧/– | અંકે રૂપિયા બાણું હજાર નવસો અગ્યાર પુરા. |

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢ નાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૧૭ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.
તારીખ ૧૭–૦૪–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)